પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૨ | ૨૩ ઓગસ્ટ, ૨૦૨૨, મંગળવાર; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રોકાણકારોના ૬.૪૭ લાખ કરોડનું ધોવાણ

## સેન્સેક્સમાં ૮૭૨ અને નિફ્ટીમાં ૨૬૮ પોઈન્ટનો કડાકો : વૈશ્વિક બજારોના નકારાત્મક વલણો અને બેન્કિંગ શેરોમાં ભંગાણ : ટાટા સ્ટીલ, એશિયન પેઈન્ટ્સ, લાર્સન એન્ડ ટુબ્રો, વિપ્રોના શેરના ભાવ તૂટ્યા



મુંબઈ, તા.૨૨

ઓગસ્ટ મહિનામાં ભારત અને વૈશ્વિક શેરબજારમાં જોવા મળેલી તેજીના વંટોળમાં એવું લાગી રહ્યું હતું કે હવે બજાર ફરી ઉંચાઈના નવા વિક્રમ બનાવશે ત્યારે વ્યાજ દર હજુ પણ વધશે એવી ચિંતાઓ વચ્ચે બે દિવસમાં શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી રહી છે. આ બે દિવસમાં ભારતીય શેરબજારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ.૬.૪૭ લાખ કરોડ ઘટી ગઈ છે. ગુરુવારે જ ભારતીય બજારમાં રૂ.૨૮૦ લાખ કરોડની રોકાણકાર સંપત્તિનો વિક્રમ બન્યો હતો.

સોમવારે ભારતીય શેરબજાર નરમ ખુલ્યા હતા દિવસ ભરની વેચવાલી બાદ સેન્સેક્સ ૮૭૨ પોઈન્ટ ઘટી ૫૮,૭૭૩૬ અને નિફ્ટી ૨૬૭ પોઈન્ટ ઘટી ૧૭,૪૯૦ની સપાટીએ બંધ આવ્યા હતા. સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી માત્ર નેસ્લે અને આઈટીસી વધ્યા હતા જયારે બાકીની કંપનીઓ ઘટી હતી. નિફ્ટીની ૫૦ કંપનીઓમાંથી ૪૫ શેરના ભાવ ઘટેલા હતા. સેક્ટરમાં બેક્કિંગ, મેટલ્સ, રીઅલ એસ્ટેટમાં વેચવાલી વધારે તીવ્ર હતી. આજની બજારમાં સ્મોલ કેપ અને


● અનુસંધાન પાન-૭ પર

# યુપીઆઈ પર કોઈ ચાર્જ નહીં લાદવામાં આવે : રિઝર્વ બેંક

## યુપીઆઈએ જાહેર જનતાને સગવડ મળી રહે અને અર્થતંત્રમાં ઉત્પાદકતા વધે તે માટે હોવાની નાણા મંત્રાલયની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૨૨

બેક્કિંગ અને પેમેન્ટ સિસ્ટમ માટે દેશમાં નિયમનકાર રિઝર્વ બેક્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ ભારતમાં સૌથી મોટી ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થા યુપીઆઈઉપર ચાર્જ વસૂલવા કે નહિ તેના માટે વિચારણા આરંભી હતી. આરબીઆઈએ તે માટે સંબંધિત લોકોના વિચાર જાણવા માટે સૂચનો પણ મંગાવ્યા હતા. જોકે નાણા મંત્રાલયે આ મામલે મહત્વની સ્પષ્ટતા કરીને યુપીઆઈઉપર કોઈ ચાર્જ નહિ લાગે તેમ જણાવ્યું છે.




નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, યુપીઆઈએ જાહેર જનતાને સગવડ મળી રહે અને અર્થતંત્રમાં ઉત્પાદકતા વધે તે માટે છે. સરકાર યુપીઆઈપર કોઈ પણ ચાર્જ વસૂલવા માટે વિચારણા નથી કરી રહી. આ પ્રકારની સેવા પ્રદાન કરનારાઓની પોતાનું રોકાણ પાછું મેળવવા માટેની ચિંતા અન્ય માધ્યમો દ્વારા સંતોષવામાં આવશે.

વધુમાં જણાવ્યું હતું કે, સરકારે ગયા વર્ષે ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમ માટે નાણાકીય સહાય પૂરી પાડી હતી. વધુને વધુ ડિજિટલ પેમેન્ટ અપનાવાય તથા પરવડે તેવા અને વપરાશકર્તા માટે મૈત્રીપૂર્ણ પેમેન્ટ પ્લેટફોર્મના પ્રમોશનને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે પણ જાહેરાત કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, યુનાઈટેડ પેમેન્ટ ઈન્ટરફેસ કે યુપીઆઈભારતમાં સૌથી લોકપ્રિય નાણાકીય વ્યવહાર કે ડિજિટલ પેમેન્ટનું સાધન છે. મહિને ૬ અબજ વ્યવહારો થકી રૂ. ૧૦ લાખ કરોડની લેવડ દેવડ થાય છે.

# ઈન્સ્ટન્ટ લોન આપતી એપ પર લગામની તૈયારી

નવી દિલ્હી, તા.૨૨

કોરોના મહામારી વખતે બિલાડીની ટોપની માફક ફૂટ નીકળેલી ઈન્સ્ટન્ટ ઓનલાઈન લોન આપતી લગભગ ૩૦૦ એપ્લિકેશનો ભારતના કેન્દ્રીય ગૃહ મંત્રાલયની તપાસના દાયરામાં છે અને તેમ ગમે ત્યારે પ્રતિબંધ મૂકાય તેવી શક્યતા છે એવુ સુત્રોએ જણાવ્યુ છે. આવી ઓનલાઈન એપ્લિકેશન્સ ચલાવતી કંપનીઓ દ્વારા મનફાવે તેટલુ વ્યાજ અને રિકવરીની અયોગ્ય પદ્ધતિ અને મની લોન્ડરિંગની આશંકાના પગલે સરકારની આંખે ચઢી છે.

**૩૦૦ એપ પર પ્રતિબંધના સંકેત : ઇન્સ્ટન્ટ લોન આપતી લગભગ ૩૦૦ એપ્લિકેશનો ભારતના કેન્દ્રીય ગૃહ મંત્રાલયની તપાસના દાયરામાં છે**

આ અહેવાલ એવા સમયે આવ્યા છે જ્યારે કેન્દ્રીય તપાસ એજન્સી પહેલાથી જ ચીનની કંપનીઓ સાથે સંબંધ ધરાવતી અને ભારતમાં કામકાજ ધરાવતી લોન એપ્લિકેશન વિરુદ્ધ કાર્યવાહી ચાલી રહી છે. આમાથી ઘણી મોબાઈલ લોન એપ્લિકેશન ચીન અને હોંગકોંગમાંથી સંચાલિત કરવામાં આવી રહી છે. ઉપરાંત ઘણી મની લોન્ડરિંગ ચેનલોને શોધી કાઢવામાં આવી છે, જે ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરે છે.

કોરોના મહામારી બાદ તાત્કાલિક ઓનલાઈન લોન આપતી મોબાઈલ એપ્લિકેશનોની સંખ્યા એકાએક વધી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આપ તોડીને આવો તો કેસ બંધ કરવાની ઓફર : સિસોદિયા

## એક્સાઝ નીતિમાં કૌભાંડમાં ભાજપ-આપ આમને-સામને : રાજપૂત છું, માથું કપાવી લઈશ પણ ભ્રષ્ટાચારીઓ-ષડયંત્રકારીઓ સામે ઝુકીશ નહી : મનિષ સિસોદિયા

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીની એક્સાઈઝ



નીતિમાં કથિત કૌભાંડ મામલે આમ આદમી પાર્ટી અને ભાજપ સામસામે આવી ગયા છે. બંને પાર્ટીના નેતાઓ સતત એકબીજા પર શાબ્દિક પ્રહારો કરી રહ્યા છે. તેના અનુસંધાને દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને આપના નેતા મનીષ સિસોદિયાએ સોમવારે ફરી એક વખત કેન્દ્ર સરકાર અને ભાજપ પર જોરદાર આક્ષેપો કર્યા છે. મનીષ સિસોદિયાએ એવો દાવો કર્યો છે કે, તેમને ભાજપનો મેસેજ મળ્યો હતો જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે, તેઓ ભાજપમાં આવી જશે તો સીબીઆઈ-ઈડીના તમામ કેસ બંધ કરાવી દેવાશે.

મનીષ સિસોદિયાએ ટ્વિટમાં લખ્યું છે કે, 'મને ભાજપાનો સંદેશ મળ્યો- આપને તોડીને ભાજપમાં આવી જાઓ, તમામ સીબીઆઈ-ઈડીકેસ બંધ કરાવી દઈશું.

મેં ભાજપને જવાબ આપ્યો- હું મહારાણા પ્રતાપનો વંશજ છું, રાજપૂત છું. માથું કપાવી લઈશ પણ ભ્રષ્ટાચારીઓ-ષડયંત્રકારીઓ સામે ઝુકીશ નહીં. મારી સામેના તમામ કેસ ખોટા છે. જે કરવું હોય એ કરી લો.'

# સંજય રાઉતના ન્યાયિક કસ્ટડી પાંચ સપ્ટેમ્બર સુધી લંબાવાયા

મુંબઈ, તા.૨૨

શિવસેના સાંસદ સંજય રાઉતને સેમવારે પીએમએલએ કોર્ટથી રાહત નથી મળી. કોર્ટે તેમની ન્યાયિત કસ્ટડી ૫ સપ્ટેમ્બર સુધી વધારી દીધી છે. પાત્રા ચાલ કૌંભાડ મામલે રાઉતને ૧ ઓગષ્ટના રોજ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ઈડીએ રાઉતના ઘર પર ૯ કલાક સુધી રેડ પાડી હતી અને તેમની ધરપકડ કરી લેવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, દરોડા દરમિયાન ૧૧.૫ લાખ રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવ્યા હતા.

સંજય રાઉતને હાલમાં આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યા છે. એનસીપી નેતા નવાબ મલિક અને અનિલ દેશમુખ પણ આ જ જેલમાં બંધ છે.

અદાલતે રાઉતને અનુમતિ આપી છે કે, તેઓ ઘરનું ભોજન ખાઈ શકે છે અને દવાઓ પણ લઈ શકે છે. તેમણે કોર્ટને કહ્યું હતું કે, તેઓ હાર્ટ પેશન્ટ છે અને તેમના માટે બેડની વ્યવસ્થા કરવી જોઈએ. તેના પર કોર્ટે કહ્યું હતું કે, સીએમઓદ્વારા તપાસ બાદ જ આ આદેશ આપવામાં આવી શકે છે.

શિવસેના સાંસદના જામીનનો ઈડીએ વિરોધ કર્યો છે. અધિકારીઓનું કહેવું છે કે, જો તેમને બહાર નીકળવાની તક મળશે તો તેઓ પુરાવા સાથે છોડખાની કરી શકે છે. તેઓ પુરાવા નષ્ટ કરી શકે છે અને પછી તેની રિકવરી મુશ્કેલ થઈ જશે. જોકે, ઉદ્ધવ ઠાકરે ટીમની શિવસેના અને સંજય રાઉત આ કાર્યવાહીને રાજકીય રીતે પ્રેરિત ગણાવી રહ્યા છે.

# નરેન્દ્ર મોદીના એક મિત્રને લીધે SMP લાગુ કરાતી નથી : મલિક

## જો એમએસપી લાગુ કરવામાં આવે નહીં અને કાયદેસર ગેરંટી આપવામાં નહીં આવે તો વધુ એક લડત થશે

નવી દિલ્હી, તા.૨૨

ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ની કાયદેસર ગેરંટીના મુદ્દે મેઘાલયના રાજયપાલ સત્યપાલ મલિકે એકવાર ફરી કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે.

તેમણે કહ્યુ કે દેશના ખેડૂતોને હરાવી શકાય નહીં અને જ્યાં સુધી તેમની માગ પૂરી નહીં થાય ત્યાં સુધી તેઓ પોતાનો વિરોધ ચાલુ રાખશે.

નૂહમાં એક કાર્યક્રમમાં બોલતા સત્યપાલ મલિકએ કહ્યુ કે જો એમએસપી લાગુ કરવામાં આવી નહીં અને આની પર કાયદેસર ગેરંટી આપવામાં આવી નહીં તો વધુ એક લડત થશે અને આ વખતે ભયંકર લડત થશે.



તેમણે કહ્યુ કે તમે આ દેશના ખેડૂતોને હરાવી શકશો નહીં. તમે તેમને ડરાવી નહીં શકો. કેમ કે તમે ઈડી કે ઈક્રમ ટેક્સ અધિકારી મોકલી શકતા નથી તો તમે ખેડૂતોને કેવી રીતે ડરાવશો. એમએસપી એટલા માટે લાગુ નથી કરવામાં આવી રહ્યુ કેમ કે વડાપ્રધાનના એક મિત્ર છે જેમનુ નામ અદાણી છે. તેઓ અત્યારે પાંચ વર્ષમાં એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે.

# જાણીતા ફિલ્મ પ્રોડ્યુસર એજી નડિયાદવાલાનું નિધન

## નડિયાદવાલા ૧૯૫૦થી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ભાગ હતા, પ્રોડ્યુસર તરીકેની પહેલી ફિલ્મ જુઠા સચ હતી

મુંબઈ, તા.૨૨

જાણીતા ફિલ્મ પ્રોડ્યુસર અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલાનું આજે સવારે નિધન થયું છે. ફિલ્મ



પ્રોડ્યુસર અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલા ઈન્ડસ્ટ્રીમાં ગફ્ફાર ભાઈ તેમજ એજી નડિયાદવાલાના નામે જાણીતા હતા. તેઓ ફિરોઝ નડિયાદવાલાના પિતા છે જ્યારે જાણીતા પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાના અંકલ છે. રિપોર્ટ્સ મુજબ, ફિલ્મ પ્રોડ્યુસર અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલાનું હાર્ટ અટેકના કારણે નિધન થયું છે. તેઓની મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. તેઓ લગભગ ૯૦ વર્ષના હતા અને ડાયાબિટીસ તેમજ અસ્થમા જેવા રોગથી પીડિત હતા.

એક્ટર અજય દેવગણે ફિલ્મ પ્રોડ્યુસર અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલાના નિધન અંગેની પોસ્ટ કરતા લખ્યું કે, સિનેમાના સુવર્ણ સમય દરમિયાન મારા પિતા અને ફિલ્મ પ્રોડ્યુસર અબ્દુલ ગફ્ફાર નડિયાદવાલા એકસાથે કામ કરી ચૂક્યા છે. ઓમ શાંતિ એજી નડિયાદવાલા સાહેબ. નડિયાદવાલાને મારા તરફથી દિલાસો. અહીં નોંધનીય છે કે એજી નડિયાદવાલા વર્ષ ૧૯૫૦થી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ભાગ હતા. પ્રોડ્યુસર તરીકેની તેઓની પહેલી ફિલ્મ જુઠા સચ હતી કે જેમાં ધર્મેન્દ્ર અને રેખા લીડ રોલમાં હતા.

# કેનેડામાં બે વર્ષમાં ૧૦ લાખને પીઆર આપવામાં આવશે

## કેનેડા જવા ઈચ્છતા ભારતીયો માટે સારા સમાચાર : કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ, ફેડરલ સ્કીલ્ડ વર્કર પ્રોગ્રામ અને ફેડરલ સ્કીલ્ડ ટ્રેડ્સ પ્રોગ્રામ અંતર્ગત પીઆર અપાશે

ટોરેન્ટો, તા.૨૨

ઉચ્ચ અભ્યાસ અથવા આધુનિક જીવનશૈલી માટે કેનેડા જવા માંગતા ભારતીયોની સંખ્યા બહુ મોટી છે. આવા લોકો માટે હવે એક ખુશખબર છે. કેનેડાના પીઆરમેળવવાનું કામ હવે સરળ બન્યું છે. કેનેડાના પીઆરની અરજી કરવામાં ભારતીયો પહેલેથી આગળ છે અને ૨૦૨૧માં આવી અરજીઓમાં ભારતીયોનો હિસ્સો લગભગ ત્રીજા ભાગનો હતો. કોવિડ પછી કેનેડાનું અર્થતંત્ર ધીમે ધીમે ગ્રોથ કરી રહ્યું છે ત્યારે પીઆરનું કામ ઝડપથી થઈ રહ્યું છે. આગામી દિવસોમાં કેનેડા સરકાર દ્વારા મોટી સંખ્યામાં ઈમિગ્રન્ટ્સને કેનેડા આમંત્રણ આપવામાં આવશે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૨ અને ૨૦૨૪ દરમિયાન કેનેડામાં ૧૦ લાખ જેટલા નવા કાયમી રહેવાસીઓ (પરમેનન્ટ રેસિડન્ટ)ને લાવવામાં આવશે. એક વર્ષમાં ૪.૩૦ લાખ લોકોને કેનેડાના પીઆર આપવામાં આવશે. તમે પણ કેનેડા જવા વિચારતા હોવ તો તેના માટે એક્સપ્રેસ એન્ટ્રીનો ઉપાય અજમાવો. કેનેડાના પીઆરમાટે આ સૌથી વધુ લોકપ્રિય રસ્તો છે. તેમાં કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ, ફેડરલ સ્કીલ્ડ વર્કર પ્રોગ્રામ અને ફેડરલ સ્કીલ્ડ ટ્રેડ્સ પ્રોગ્રામનો સમાવેશ થાય છે. તમે આ પ્રોગ્રામ્સ માટે લાયક હોવ તો એક્સપ્રેસ એન્ટ્રી માટે અરજી કરીને સીઆરએસ (કોમ્પ્રિહેન્સિવ રેક્કિંગ સિસ્ટમ) સ્કોર મેળવી શકો છો. આ સ્કોરનો આધાર તમારી ઉંમર, શિક્ષણ, અંગ્રેજી અથવા ફ્રેન્ચ ભાષા બોલવાની આવડત, સ્કીલ્ડ વર્કના અનુભવ પર રહેલો છે.

આ ઉપરાંત પ્રોવિન્સિયલ નોમિની પ્રોગ્રામ પણ છે જેમાં કેનેડાના જુદા જુદા પ્રોવિન્સ દર વર્ષે ઈકોનોમિક ઈમિગ્રન્ટને આમંત્રિત કરી શકે છે અને તેમને દર વર્ષે પીઆરમાટે નોમિનેટ કરી શકે છે. કોઈ પ્રોવિન્સ દ્વારા ઉમેદવારને નોમિનેટ કરવામાં આવે તો તેને સીઆરએસસ્કોરમાં વધારાના ૬૦૦ પોઈન્ટ મળે છે.

તમને કેનેડામાં અભ્યાસ કરવાની પરમિટ મળે તો તમે સ્કૂલ ચાલુ હોય તે દરમિયાન અઠવાડિયાના ૨૦ કલાક કામ કરી શકો છો અને સ્કૂલમાં વેકેશન હોય ત્યારે ફૂલ ટાઈમ જોબ કરી શકો છો. ભારતીયો સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ પ્રોગ્રામ હેઠળ પણ અરજી કરી શકે છે જેનાથી તેમને ઝડપથી સ્ટડી પરમિટ મળી શકે છે. કેટલાક પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમિટ (પીજીડબલ્યુપી) માટે પણ અરજી કરી શકે છે. તેમાં વર્ક પરમિટનો ગાળો અભ્યાસના સમાયગાળા જેટલો હોય છે.

# સીબીઆઈના કેટલાક અધિકારીનું ટીએમસી સાથે સેટિંગ : દિલીપ ઘોષ

## આ સેટિંગથી જ કૌભાંડોની તપાસમાં પરિણામ ન આવ્યાનો ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષે કરેલો દાવો

નવી દિલ્હી, તા.૨૨

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દિલીપ ઘોષે રવિવારે મોટુ નિવેદન આપ્યું છે. તેમણે કોલકાતામાં કહ્યું કે, સીબીઆઈના કેટલાક અધિકારીઓનું તૃણમુલ કોંગ્રેસ સાથે સેટિંગ હતું. તેની જાણકારી મળતા જ નાણા મંત્રાલયે ઈડીને પશ્ચિમ બંગાળમાં ભ્રષ્ટાચાર મામલે તપાસ કરવા માટે મોકલ્યા હતા. પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં સ્થિત આઈસીસીઆરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા ઘોષે કહ્યું કે, કેટલાક સીબીઆઈ અધિકારીઓ અને અને ટીએમસી વચ્ચેના આ સેટિંગને કારણે જ કોલસા કૌભાંડ, પશુઓની દાણચોરીના કેસ અને શાળાની નોકરીઓમાં અનિયમિતતાઓની તપાસમાં પરિણામ નહોતું આવ્યું જેના કારણે ઈડીને ત્યાં મોકલવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, સીબીઆઈના કેટલાક અધિકારી ટીએમસી નેતાઓના હાથે વેચાઈ ચૂક્યા છે.



પોતાના સંબોધનમાં તેમણે દાવો કર્યો કે, ટીએમસીના અનેક નેતાઓને એ વાતનો ડર સતાવી રહ્યો છે કે, સીબીઆઈની જેમ ઈડીના અધિકારીઓ સાથે સેટિંગ નહીં કરી શકાય. તેમણે કહ્યું કે, આ જ કારણ છે કે, સીબીઆઈના કેટલાક અદિકારીઓને પશ્ચિમ બંગાળમાંથી હટાવી દેવામાં આવ્યા છે અને ઈડી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.